ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૩૨ |
| અમદાવાદ | ૧૬૭ |
| ગાંધીનગર | ૩૬ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૨ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; ભાદરવા વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતીય વાયુસેનામાં મહાબલી 'રાફેલ' સામેલ

**અંબાલા એરબેઝ ખાતે મહાબલી ૫ રફાલ વાયુસેનામાં જોડાયા, વોટર કેનન સેલ્યુ અપાયુ : ભારતને આંખો દેખાડનારા લોકો માટે રાફેલ કડક સંદેશ છે : એરફોર્સમાં રાફેલનું સામેલ થવું તે દુશ્મન દેશોને ચેતવણી સમાન : અમારો ઉદ્દેશ્ય હંમેશા વિશ્વ શાંતિ માટેનો જ રહ્યો છે : રાજનાથ સિંહ : આ પ્રસંગે રાજનાથ સિંહ, સીડીએસ રાવત, વાયુસેના પ્રમુખ ભદોરિયા સહિત ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન પણ હાજર રહ્યા**




અંબાલા,તા.૧૦

ભારતીય વાયુસેનામાં પાંચ રાફેલ ફાઈટર જેટને ગુરૂવારે અંબાલા એરફોર્સ બેઝ પર ઔપચારિક રીતે સામેલ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં રક્ષા પ્રધાન રાજનાથ સિંહ, ફ્રાંસના રક્ષાપ્રધાન ફ્લોરેન્સ પાર્લી, પ્રમુખ રક્ષા અધ્યક્ષ જનરલ બિપિન રાવત, વાયુસેના પ્રમુખ આર. કે.એસ ભદોરિયા અને રક્ષા સચિવ અજય કુમાર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાફેલ વિમાનને વાયુસેનામાં સામેલ કરવા માટે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. રક્ષાપ્રધાન રાજનાથસિંહ અને ફ્રાસંના રક્ષાપ્રધાન ફ્લોરેંસ પાર્લી સર્વધર્મ પૂજામાં સામેલ થયા હતા. અંબાલા એરબેઝ ખાતે ફ્લાઈપોસ્ટ દરમિયાન રાફેલ ફાઈટર એરક્રાફ્ટે ધીમી ઝડપે ઊડીને એર

● અનુસંધાન પાન-૭ પર





# ચીનનું આર્મી ઉત્તર ભાગમાં સૈનિકોનો ખડકલો કરી રહ્યું છે

**ગલવાનમાં થયેલી ઝપાઝપીનો વીડિયો સામે આવ્યો : ભારતીય સેના આ જગ્યાએ એટલી નજીક છે કે અવરચંડા ચીનની દરેક ચાલ પર અત્યંત ચાંપતી નજર રાખી રહી છે**



લેહ, તા. ૧૦

લદાખમાં પેંગોંગ સો સરોવરના દક્ષિણમાં આવેલા વિસ્તારમાં ભારતીય સેના સામે નિષ્ફળ સામનો કર્યા બાદ હવે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી ઉત્તર ભાગમાં આવેલા વિસ્તારોમાં પોતાની સૈન્ય સંખ્યા વધારી રહ્યું હોવાના અહેવાલ છે. આ જગ્યાએ તે નવું બાંધકામ કરી રહ્યું છે તથા ટ્રાન્સપોર્ટેશનને લગતા સાધનો પણ ભેગા કરી રહ્યું છે. જોકે ભારતીય સેના આ જગ્યાએ એટલી નજીક છે કે તેમની દરેક ચાલ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ૧૫ જૂનના રોજ ગલવાનમાં ભારત-ચીનના સૈનિકો વચ્ચે થયેલ ઘર્ષણનો નવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. ૩ મિનિટ ૨૫ સેકન્ડના આ વીડિયોમાં ભારત અને ચીનના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૮૦૯૯૪૦૦ | ૯૦૯૧૮૮ | ૨૦૧૫૯૮૫૨ |
| ભારત | ૪૫૧૭૯૬૮ | ૭૫૬૨૦ | ૩૪૧૦૭૩૯ |
| ગુજરાત | ૧૦૯૬૨૭ | ૩૧૬૭ | ૯૦૩૩૦ |
| ગાંધીનગર | ૨૭૯૨ | ૧૫૨ | ૨૨૯૫ |

# દેશમાં કોરોનાના વધુ ૯૫૭૩૫ કેસ

**છેલ્લા ૨૪ કલાકમાં ૧,૧૭૨ મોત : ચેપગ્રસ્તોની સંખ્યા ૪૪૬૫૮૬૩ સુધી પહોંચી ગઈ : ૭૨૯૩૯ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થતા આ આંકડો વધીને ૩૪૭૧૭૮૩ સુધી પહોંચી ગયો**

નવી દિલ્હી, તા. ૧૦

ભારતીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૯૫૭૩૫ કેસ નોંધાયા છે. આ સાથે જ ચેપગ્રસ્તોની કુલ સંખ્યા ૪૪,૬૫,૮૬૩ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં અત્યાર સુધીના સૌથી વધુ ૧૧૭૨ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૭૫૦૬૨ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે.

૨૪ કલાક દરમિયાન ૭૨૯૩૯ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૪૭૧૭૮૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૧૯૦૧૮ એક્ટિવ કેસ છે. વિશ્વમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૭૮૬૨૦૬૦ કેસ નોંધાઈ ચૂક્યા છે.

# રિયાના જામીન અરજી પર આજે ચુકાદો

મુંબઈ, તા.૧૦

સુશાંત સિંહ રાજપૂતના મોત મામલે ડ્રગ્સ લિંક બહાર આવ્યા બાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ આ મામલે તપાસ શરૂ કરી હતી. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ મંગળવારે ત્રણ દિવસની પૂછપરછ બાદ સુશાંતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તીની ધરપકડ કરી હતી. જે બાદ તેને ૧૪ દિવસની જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાઈ હતી. ત્યારબાદ રિયાના વકીલે જામીન માટે અરજી કરી હતી. રિયા ચક્રવર્તીની જામીન અરજી પર મુંબઈની સ્પેશિયલ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. રિયાની જામીન અરજી પર સુનાવણી પૂરી થતા કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. રિયાની જામીન અરજી પર શુક્રવારે ચુકાદો સંભળાવવામાં આવશે. રિયા ઉપરાંત આ કેસના અન્ય આરોપીઓ અને કથિત ડ્રગ પેડલર્સ બાસિત પરિહાર અને ઝૈદ વિલાત્રાની જામીન અરજી પર પણ શુક્રવારે એટલે કે આવતીકાલે ચુકાદો સંભળાવવામાં આવશે.

# પરેશ રાવલ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના અધ્યક્ષ પદે નિમાયા

નવી દિલ્હી,તા.૧૦

બોલિવૂડના જાણીતા અભિનેતા પરેશ રાવલની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ગુજરાત ભાજપના પૂર્વ સાંસદ રાવલને એનએસડીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્ય મંત્રી પ્રહલાદસિંહ પટેલે રાવલને એનએસડીના ચીફ બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે. તેમણે ટ્વિટ કર્યું, 'જાણીતા કલાકાર પરેશ રાવલની રાષ્ટ્રપતિની અધ્યક્ષતા નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના અધ્યક્ષ તરીકે નિયુક્તી કરવામાં આવી છે.



# રિલાયન્સના શેરમાં ભારે ઊછાળો, સેન્સેક્સનો ૬૪૬ પોઈન્ટનો કૂદકો

**નિફ્ટીમાં પણ ૧૭૧ પોઈન્ટ ઊછળ્યો : ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, કોટક બેંક, એચડીએફસી બેંક અને ટાઇટનના શેર તૂટ્યા : મૂડીરોકાણકાર ઉત્સાહિત**

મુંબઈ, તા. ૧૦

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં જોરદાર ઊછાળા સાથે ગુરૂવારે સેન્સેક્સે ૬૪૬ પોઈન્ટના કૂદકો લગાવ્યો હતો. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૬૪૬.૪૦ પોઈન્ટ અથવા ૧.૬૯ ટકા વધીને ૩૮,૮૪૦.૩૨ પોઈન્ટ પર બંધ થયો છે. આ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજ નિફ્ટી ૧૭૧.૨૫ પોઈન્ટ અથવા ૧.૫૨ ટકાના વધારા સાથે ૧૧,૪૪૯.૨૫ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. સેન્સેક્સ કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સૌથી વધુ સાત ટકાનો વધારો થયો છે. બપોરના કારોબારમાં કંપનીની માર્કેટ મૂડી ૧૪,૬૬,૫૮૯.૫૩ કરોડ અથવા ૧૯૯.૬૪ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. યુએસની ખાનગી ઈક્વિટી કંપની સિલ્વર લેક પાર્ટનર્સ રિલાયન્સના રિટેલ રિલાયન્સ રિટેલમાં ૧.૭૫ ટકા હિસ્સો ૭,૫૦૦ કરોડમાં ખરીદશે. કંપનીએ બુધવારે આની જાહેરાત કરી હતી.

બીએસઈમાં દિવસના કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર ૮.૪૫ ટકા વધીને રૂ. ૨,૩૪૩.૯૦ પર પહોંચી ગયો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં, કંપનીનો શેર ૮.૪૯ ટકા વધીને રૂ. ૨,૩૪૪.૯૫ ની સર્વાંગી ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો હતો.

# ઉદ્ધવ ઠાકરે વંશવાદનો નમૂનો છે, કંગનાના આક્રમક પ્રહારો

**રોષે ભરાયેલી શિવસેનાએ કંગના સામે કેસ કર્યા : પિતાજીના કર્મોથી સંપત્તિ મળી શકે છે પણ સન્માન તો જાતે કમાવું પડે છે : મારું મોઢુ બંધ કરશો પણ બીજાનું શું?**

મુંબઈ, તા. ૧૦

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે સામે અપમાનજક ભાષાનો ઉપયોગ કરવાના આક્ષેપ સાથે શિવસેનાએ અભિનેત્રી કંગના રણૌત સામે ફરિયાદ કરી છે પણ કંગનાનો આક્રોશ યથાવત છે. કંગનાએ ફરી એક વખત ઉધ્ધવ ઠાકરે પર પ્રહારો કર્યા હતા. કંગનાએ એક પછી એક ટ્વિટ કરીને કહ્યું હતું કે, તમારા પિતાજીના કર્મોથી તમને સંપત્તિ મળી શકે છે પણ સન્માન તો જાતે જ કમાવું પડે છે. મારું મોઢુ બંધ કરી શકશો પણ મારા પછી બીજા લોકોના મોઢામાંથી પણ આ જ અવાજ નીકળશે. કેટલાક અવાજ દબાવશો અને ક્યાં સુધી સચ્ચાઈથી ભાગ્યા કરશો. તમે કશું નથી માત્ર વંશવાદનો નમૂનો છો...જોકે શિવેસનાના પણ ઢીલી પડી રહી નથી. શિવસેના શાસિત મુંબઈ કોર્પોરેશને કંગનાના ઘર પર પણ એક્શન લેવાની તૈયારી કરી છે. કોર્પોરેશનનુ કહેવું છે કે, કંગનાના ફ્લેટમાં પણ બદલાવ કરાયા છે અને કોર્ટનો સ્ટે હટવાની સાથે જ કોર્પોરેશન કાર્યવાહી કરશે. ફિલ્મ અભિનેત્રી કંગના

● અનુસંધાન પાન-૭ પર





